





ભૂત-પલીતોની દોસ્તી પીઠે કૂતરાં ભસાવે છે!
કહેવડાવે 'બ્રહ્મચારી' પરિવાર વસાવે છે!
બેઠા છે સ્મશાને ને નજર છે હિમાલય પર -
સૌને સત્તા-પદની ભાંગ પીવડાવી હસાવે છે!




પોંચતું નથી!
ભૂખ્યા નેતાઓ પછી -
બાળકો સુધી..
(૧૮ હજાર બાળકો કુપોષિત)

ભજે ભાજપ!
હવે છૂટકો નથી -
'નમો સિવાય'
(ચૂંટણી ફંડે-વશ)

## ચિંતન

***મસ્જિદ ભીતર મુલ્લા પુકારે ક્યા સાહિબ તેરા બહેરા હૈ ।***
***ચીંટી કે પાંવ ઝાંઝર બાજે, સો ભી સાહિબ સુનતા હૈ ॥***

નમાજના સમયની જાણ કરવા માટે એ મહોલ્લામાં રહેતાં સમાજને 'બાંગ' પૂકારીને જાણ કરવાની જૂની પરંપરા હતી હવે લોકો વેરવિખેર દૂર દૂર સોસાયટીઓમાં કે સિમેન્ટ કોંકરીટના પેક દરવાજાવાળાં ઘરમાં રહે છે તેથી 'માઇક'નો ઉપયોગ કરીને 'બાંગ'-નમાજના સમયની યાદ આપવામાં આવે છે (જો કે ચૂસ્ત ધાર્મિક-શ્રદ્ધાળુને આવી 'યાદ' અપાવવાની જરૂર પડે?!) કબીરજી **કહે છે આટલા જોરશોરથી બાંગ પૂકારવાની શું જરૂર છે ઇશ્વર શું બહેરો છે?**

કેટલાક લોકો સ્નાન કરતાં-પૂજાં કરતાં મોટે મોટેથી મંત્રો-આરતી-પાઠ કરતા હોય છે, કોને સંભળાવવા? ઇશ્વર બહેરો છે? એ તો 'અંદર' જ તમારામાં જ - માયલો બેઠો છે તમે મનમાં બોલો-વિચારો એ પણ એ સાંભળી લે છે, એને મોટેથી બોલી સંભળાવવાની શી જરૂર છે?

કબીજી કહે છે નાની પામર જંતુ કીડી અને એના ય પગમાં ઘૂંઘર-ઝાંઝર બાંધ્યું હોય અને એ ચાલે ત્યારે થતો છમકાર કેટલો ઝીણો હોય! તો ય પ્રભુ તો સાંભળી શકે છે તો મોટે મોટેથી બૂમ બરાડા પાડી ધૂન-ભજન-બાંગો પોકારવાની શી જરૂર છે.

મૌનથી હૃદયપૂર્વક થતી પ્રાર્થનાથી આપણાં રોમ-રોમ ગાતાં હોય છે એની એક અલગ પ્રકારની ધ્રૂજારી હોય છે એનો તો એકાદવાર અનુભવ લઇ તો જુઓ!!

## સુવિચાર

- સમસ્યા એ નથી કે માનવીથી કયાં મનાય છે, પણ સમસ્યા તો એ છે કે માનવી કયાં માનવીથી સમજાય છે *- રજનીશ*
- સાચો અને જ્ઞાની માણસ દુઃખ આવે ત્યારે કોઇની ઉપર દોષારોપણ કરવાને બદલે એ દુઃખ આવવા પાછળ પોતાની કઇ ભૂલ છે તે શોધવા પ્રયત્ન કરે છે *- એસ. ભટ્ટાચાર્ય*
- પોતાના ગુરૂમાં સંપૂર્ણ શ્રધ્ધા અને વિશ્વાસ એ જ સાધના છે *- રાજચંદ્ર*
- વિશ્વાસની કોઇ જાત નથી, વિશ્વાસની કોઇ આંખ નથી છતાં પણ આપણે મુક્તા પહેલા વિશ્વાસ જોઇએ છીએ એની આંખ, પૂછીએ છીએ એની જાત અને પછી જ કહીએ છીએ કે મને છે તારા પર વિશ્વાસ *- માનસ સૂત્ર*
- તમારી દુષ્ટ મનોવૃત્તિ તમારું જેટલું બગાડી શકે છે એટલું તમારો દુશ્મન તમારું ગળું કાપીને પણ બગાડી શકતો નથી *- સરદાર પટેલ*
- વર્તમાનની કમાણી કરેલા ધનની બચત જે માણસ કરતો નથી તેને ભવિષ્યમાં ઘોર પસ્તાવો થાય છે *- ચાણક્ય*
- મોટી મોટી વાતો, બડાઇઓ કરશો નહીં, તમે શું છો તેનો પરિચય તમારાં કર્મો દ્વારા આપો *- નારાયણ મૂર્તિ*

*(સંકલન : દીપક વી.આસરા)*

## બોધ કથા

ઉદ્યોગપતિ જમનાલાલ બજાજ ગાંધીવાદી હતા. સાચા અનુયાયી પણ હતા. એમનો પુત્ર કમલનયન બજાજ વિદેશ અભ્યાસ માટે જતો હતો, બાપુજીના આશીર્વાદ લેવા આવ્યો. ગાંધીજીએ તેને આપેલી શિખામણ આજના બધા જ વિદ્યાર્થીઓને ઉપયોગી થાય એવી છે :

(૧) શક્ય હોય ત્યાં સુધી મૌન રહેજો- થોડું બોલજે. (૨) સાંભળજે બધાનું પણ તને જે યોગ્ય-ખરું લાગે તે જ કરજે. (૩) ક્ષણે ક્ષણેનો હિસાબ રાખી-પ્રવૃત્ત રહેજે. જે કામ જે તે વખતે કરવાનું હોય તે તે જ વખતે કરજે 'પછી' પર કંઇ બાકી રાખતો નહી. (૪) ધનનું અભિમાન રાખતો નહીં. મધ્યમવર્ગ-ગરીબની જેમ જ રહેજે. (૫) પાઇએ પાઇનો હિસાબ રાખજે. (૬) અભ્યાસમાં ચોકસાઇ-ધ્યાન-એકાગ્રતા રાખજે (૭) શરીર સાચવવા નિયમિત કસરત કરજે. (૮) ભૂખ લાગે તેનાથી થોડું ઓછું ખાજે. મિતહારી રહેજે. (૯) આખા દિવસના નિત્યક્રમ અને પ્રવૃત્તિની નોંધ રાખજે - રોજનીશી. (૧૦) તુલસીકૃત રામાયણ અને ગીતાજીનું પઠન રાખજે એમાંથી સતત માર્ગદર્શન મળશે. (૧૧) સવાર-સાંજ નિયમિત પ્રાર્થના કરજે.

Email - sureshchandrabhatt18@gmail.com

# મનોહરલાલ ફૂલછડી અને ફૂલહાર લઈ, દીકરીની યાદને વાગોળતાં, વેલેન્ટાઈન ડેની ઘેલશા અને કટુતાના કડવા ઘૂંટને પરાણે ગળે ઉતારવા મથતા - નિઃસહાય મૂઢશા ઘર ભણી વળ્યા - દીકરીના અધૂરા અરમાન અને મોતના ગમનો ભાર માથે લઈને!

***વાર્તા સેતુ : વેલેન્ટાઇન ડે***

**- મૂળજીભાઇ પરમાર 'દધિ'**

આજે ૧૪મી ફેબ્રુઆરી - વેનેન્ટાઇન ડે. યૌવન હિલોળે ચડ્યું છે. સૌનાનાં નળિયાં ન થાય ત્યાં સુધી, કુંભકર્ણની માફક ઘોરતાં અને પથારીમાં ફેવીકોલની માફક ચીપકી રહેતા યુવક-યુવતીઓ, આજે તો વહેલી સવારથી જ બનીઠનીને તૈયાર થઇ ગયાં હતાં! માંદલા ટાયડાની જેમ ચાલતા યુવાનો, આજે પાણીદાર તોખારની માફક થનગની રહ્યા હતા! યુવતીઓ પણ હવામાં તરતી તિતલીઓની માફક અહીંતહીં હડિયાદોટ કરી રહી હતી. લાગતું હતું કે યુવાધન જાણે હરખને હિલોળે ચડ્યું છે...! વાતાવરણમાં માદકતા ભરી ખુશી છલોછલ છલકાઇ રહી છે!

નગરની મધ્યમાં આવેલ પ્રખ્યાત ગીફ્ટશોપ અને તેની બગલમાં આવેલ 'ફ્લાવર્સ ફેર' દુકાને ગકડેઠઠ ભીડ જામી છે! જાણે રંગબેરંગી પોશાકોની ફેશન ફરેડ ન યોજાઇ હોય! હૈયે હૈયું દળાઇ રહ્યું છે - યુવક યુવતીઓ એક દુકાનમાંથી વછૂટી, તરત જ બીજી દુકાનમાં ઘસારો કરો છે. એકબીજા સામે જોવાની પણ કોઇને નવરાશ નથી! બધાંને જ જાણે ખૂબ જ ઉતાવળ હોય તેમ,એકબીજાનીપરવા કર્યા વગર -ધક્કામુક્કી કરી, પોતે જ પહેલા જવા અને વહેલા બહાર નીકળવા પ્રયત્નોમાં મશગૂલ છે. વાતોનાં વડાં કરવામાં બિલકુલ ન ધરાતાં યુવત-યુવતીઓ આજે તો, જો કોઇ ઓળખીતું ભટકાઇ જાય તો પણ 'હેલ્લો...! હાઉં આર યુ...? ફાઇન.' થી ટૂકમાં જ પતાવી લેતાં હતાં.

'ફ્લાવર્સ ફેર'ના બારણા પાસે આધેડવયના મનોહરલાલ વિચારવમળમાં અટવાતા ઊભા છે. તેમનાં સુઘડ પહેરવેશ ઉપરથી તે મધ્યમવર્ગના સંસ્કારી આદમી જણાઇ આવે છે. તેમને દુકાનમાં જવું છે. પરંતુ જુવાનિયાઓની હડિયા દોટ અને ધક્કામુક્કીમાં, આધેડ મનોહરલાલનો ગજ વાગતો નથી. દુકાનમાં ઘૂસવા મથતાં કે બહાર નીકળવા પ્રયાસ કરતાં યુવક-યુવતીઓ ધક્કે ચડાવે છે અને મનોહરલાલ કંટાળીને, નિરાશવદને વિચારતાં પોતાના વારાની રાહ જોઇ રહ્યાં છે.

**સર્જકો અને ભાવકો વચ્ચેનો સેતુ**
**'શબ્દ સેતુ'**
**સંપાદકો : નટવર હેડાઉ / મૂળજીભાઇ પરમાર 'દધિ'**

છેવટે, છાતી કઠણ કરી, મનોહરલાલે દુકાનમાં જવા પ્રયત્ન કર્યો, ત્યાં જ બેફીકરી ચાલે ચાલી આવતી એક ફૂલ-ફટાક-અલ્લડ છોકરી સાથે ભટકાઇ પડ્યા પોતાનો વાંક નહોતો છતાં, મનોહરલાલના મુખેથી સ્વભાવગત શબ્દો સરી પડ્યાં : 'માફ કરજે દીકરી, ધ્યાન ન રહ્યું!' ત્યાં જ 'એય બબૂચક! દીકરી કહીને આમ ભટકાતાં શરમાતો નથી! અને આ ઉંમરે કઇ સગલી માટે બૂકે લેવા ઘૂસે છે? આઘો ટળ...!' કહી, અથડાવાની પણ પરવા કર્યા વગર, જગ્યા કરતી એ અલ્લડ છોકરી, ભીડમાં ઘૂસી.

સૌની વચ્ચે ઘૂસમારીને દુકાનમાં દાખલ થતી છોકરીનો ઠસ્સો જોઇને; કોઇ પણ કંઇ જ ન બોલી શક્યું!! પરંતુ તેના શબ્દો સાંભળી, બધાં જ ખડખડાટ હસી પડ્યા. ત્યાં વળી વચ્ચે કોઇક બોલી ઊઠ્યું : 'વાંદરો ઘરડો થાય, પણ ગુલાંટ ભૂલે ?!'

ત્યાં વળી બીજો યુવક બોલ્યો : 'ઘરડો ભલે થયો, પણ દિલ તો ઘરડું નથી થયું ને?! ... પછી 'વેલેન્ટાઇન ડે' મનાવવાના અભરખા જાગે જ ને!' ને ફરીથી અટ્ટહાસ્ય ગૂંજી રહ્યું.

આ સાંભળીને મનોહરલાલ ઝંખવાણા પડી ગયા... પગમાં ભોંકાયેલ બાવળની શૂળની માફક વાકયો દિલમાં ખટકવા લાગ્યા! તેમનો ચહેરો રૂની પૂણી જેવો થઇ ગયો! ધરતી મારગ આપે તો સમાઇ જવાનું મન થયું! પણ એમ કંઇ ધરતી ઓછી ફાટે? અને તે પણ આ કળિયુગમાં!

ક્ષોભના માર્યા મનોહરલાલ હારી-થાકીને લમણે હાથ દઇ, એકબાજુ બેસી પડ્યા અને ધીરે ધીરે અતિતના ઊંડાણમાં ગરક થવા લાગ્યા! હકીકતોની નિર્વસ્ત્ર ભૂતાવળ તેમની નજર સમક્ષ નાચી રહી!

આજથી આઠેક વર્ષ પૂર્વે, એ પણ ૧૪મી ફેબ્રુઆરીનો જ દિવસ હતો. નિઃસ્વાર્થ પ્રેમની ઉત્કટ ભાવના પાછળ શહીદી વહોરનાર સંત વેલેન્ટાઇનનો અમર શહિદીદીન - 'વેલેન્ટાઇન ડે'!

નગરને આંગણે ખીલેલી લીલી વનરાજી અને એ વનરાજીને વીંધીને મંદ મંદ વહેતો-મહેંકતો પવન શીતળતાંનાં અમી છાંટણાં કરતો હતો. વહેલી સવારે મોતીસમ ચમકી - પળમાં અદૃશ્ય થતાં હતાં!

ખીલતી ઉષાના પ્રથમ કિરણ સમી કોમળ દીકરી ઊષા આજે મનોહરલાલને કંઇક વધુ નવી ચેતનામાં અને નવઉત્સાહમાં જણાતી હતી. દરરોજ કરતાં આજે આટોપી, નવ વાગે તો તૈયાર થઇ ગઇ હતી!

કયાંક જવાની ઉતાવળ હોય તેમ, ઝડપથી ઘરબહાર નીકળતાં તેણે કહ્યું : 'પપ્પા, આજે મને થોડું થશે. તમે જમવામાં મારી રાહ ન જોતા... અને હા... પાછાં દવા લેવાનું ભૂલતાં નહીં.'

'બેટા... ઉષા! સાંભળ તો ખરી... આજે જરા વહેલી આવજે. મારે પેન્શન બાબતે ટ્રેઝરીમાં જવાનું છે, અને તારા માટે...' ઝડપથી જતી દીકરીને જોઇ, મનોહરલાલ વાક્ય પૂરું કરવા કંઇ બોલે તે પહેલાં : 'એ... હા... આ... પપ્પા...' કહેતી ઉષા સડસડાટ આંખોથી ઓજલ થઇ ગઇ! અદૃશ્ય થતાં ઝાકળબિંદુની જેમ!

મનોહરલાલ લાંબો શ્વાસ લઇ, આઘા-પાછા થવા લાગ્યા. થાક્યા એટલે આંગણામાં ખાટલો ઢાળીને બેઠા. મનમાં બબડ્યા : 'હે ભગવાન! આ છોડીને કયારે બુદ્ધિ આવશે? એવીને એવી રમતિયાળ રહી! એના પીળા હાથ થાય, એટલે જીવને શાતા વળે! એની મરતી માને આપેલ મારૂં વચનેય અને જવાબદારી પણ પૂરી થાય! પછી ગંગા નાહ્યાં!' વિચારતાં વિચારતાં મનોહરલાલ આંખો ઝીણી કરી, દૂર-સુદૂર - જાણે ક્ષિતિજની પેલે પાર તાકી રહ્યા! વળી પાછા દીકરીના લગ્ન - કરિયાવરનો વેત... દીકરીથી છૂટા પડવાનું અકથ્ય દુઃખ... ના વિચારોનાં ઘૂમરાતા વમળમાં અટવાઇ ગયા.

આમ ને આમ કેટલો સમય પસાર થયો તેનું પણ ઓહાણ ન રહ્યું! જયારે ડાઘિયાનો ભસવાનો અવાજ આવ્યો ત્યારે તંદ્રામાંથી જાગ્યા. જોયું તો, સૂરજ દાદો અડધી મજલ કાપી, માથે ચડી આવ્યો હતો. બળતી ચેહની ઝાળ સમી, અગન ઓકતી કાળજાળ ગરમી ડિલને બાળી રહી હતી! બારણા સામે નજર કરી તો, એક કૂતરૂં જીભ વડે માં ને ચોફેર ચાટલું, ઘરમાંથી બહાર આવી રહ્યું હતું અને આ જોઇને આંગણામાં ઊભેલ ડાઘીયો હાંફતો, ભસતો હતો - પોતાના આધિપત્યમાં થયેલ તરાપ બદલ જ સ્તો!

જોતા જ મનોહરલાલના દિલમાં એકદમ ફાળ પડી! તેઓ 'હાડ... હાડ...' કરતાં, કૂતરાંને ભગાવતાં ઘરમાં ગયા.જોયું તો, શાકની તપેલીને રોટલી... બધું જ વેરણ-છેરણ! દિલમાં એકદમ ધ્રાસકો પડ્યો! 'મારૂં તો ઠીક, પરંતુ ઉષા આવીને શું ખાશે? બિચારી થાકીને લોથપોથ થઇને આવશે અને થાકેલી શું કરશે?' મનોમન વિચારતા, વેરણછેરણ અને વધેલું એકઠું કરી, કૂતરા માટે બહાર નાખી આવ્યા અને વાણસો ચોકડીમાં મુકીને, શાકભાજીની છાબડી લઇ, પાછા ખાટલે આવીને બેઠા. શાક સમારતાં સ્વગત બબડ્યા. 'સાચું જ છે. જેહના ભાગ્યમાં જે સમે જે લખ્યું, તેહને તે સમે તે જ પહોંચે!'

'હશે! જેવી ઉપરવાળાની મરજી! ભલે, એના ભાગયનું હતું એટલે એને મળ્યું. બિચારાં કૂતરાંનું તો પેટ ઠર્યું!'

*(અનુસંધાન પાના નં. ૬ પર)*

# *તમારા મનમાં જે કંઇ બાબતોનો ભય સતાવતો હોય તો તમારા મિત્રો, સ્વજનો, વડીલ કે જાણકાર સામે વ્યક્ત કરો, એમને ખુલ્લા દિલે જણાવો, પેટ છૂટી વાત કરો... હૈયા વરાળ કાઢી નાખો અને પછી તમને સમજાશે કે ડરનું પાર વગરનું દબાણ એકદમ ઓસરી જશે*


**લાગણીનો મેળો**
***- રસિક વાળંદ 'નિર્ઝર'***

હે જગન્નાથ લંબાવીને હાથ
માગું તારો સાથ
રસ્તા આ તો આડા અવળા
અહીં ખાટા તો પણે ટેકરા
ભૂલો પડું તે પહેલાં આવી
સ્હેજ મારો હાથ... હે જગન્નાથ...

વાર્ષિક પરીક્ષા નજીક આવતી હતી. નાપાસ થવાશે તો શું થશે? એવો કાલ્પનિક ભય વિદ્યાર્થીઓના ચહેરે વાંચ્યો... મેં એમને જણાવ્યું, 'પરીક્ષા આપીએ છીએ એટલે નાપાસ પણ થવાય પરંતુ એવો ડર રાખવાને બદલે વધારે વાંચવા લાગી જઇએ તો... નાપાસ થવાના ભયથી મનમાં મુંઝાયા કરવાથી અસ્વસ્થતા વધશે ને શક્તિ વેડફાશે.'

ભય પરીક્ષાનો હોય કે અન્ય કશાનો... પરંતુ એટલું જરૂર યાદ રાખો. હંમેશા તમારા મનમાં જે કંઇ બાબતોનો ભય સતાવતો હોય તો તમારા મિત્રો, સ્વજનો, વડીલ કે જાણકાર સામે વ્યક્ત કરો. એમને ખુલ્લા દિલે જણાવો. પેટ છૂટી વાત કરો... હૈયા વરાળ કાઢી નાખો અને પછી તમને સમજાશે કે ડરનું પાર વગરનું દબાણ એકદમ ઓસરી જશે. કેટલાક ભયને રાક્ષણ ગણાવે છે. જે માણસના મનમાં ઊભો થાય છે ને પાછો ત્યાં જ સમાઇ જાય છે પોતે સર્જેલા કલ્પિત રાક્ષસથી છળી મરીએ એ તો નર્યું અજ્ઞાન જ કહેવાય ને? કયારેક જો અનુભવ્યું હોય તો કેટલાક ડર જે તે દિવસ પુરતા જ મર્યાદિત હોય છે. જે સાંજે ખબર પડે કે આખા દિવસથી બેચેન કરી મૂકનાર ડર તો પાયા વગરનો હતો. આવી સભાનતા કેળવાય તો ભયભાવનાઓથી મૂક્તિ મળે. ઘણા એવા કમનસીબ હોય જે સર્વ વાતે સંપન્ન હોવા છતાં અજ્ઞાન ભયથી પિડાતા હોય છે. આવા સ્વકેન્દ્રિ લોકોને આવી પીડા હાથવગી રહેતી હોય છે.

જાતમાંથી મુક્ત થઇ અન્યને ઉપયોગી થવાની ભાવના કેળવો જેથી એટલો સમય તો આ ડર ઓછો થાય. આ બાબત તો અનુભવે સમજાય. અન્ય માટે શક્તિ વાપરવાથી કેન્દ્રિત થયેલું જ્ઞાન વિકેન્દ્રિત થાય - એની તાકાત ઘટે... સતત પોતાનું શું થશે એવી ચિંતાઓ કરતું મન થોડો સમય હું કોઇકને ઉપયોગી થઇ શકું એવો થોડોક વિચાર કરવા લાગે તો ભય ઓસરવા લાગે. આજના સ્વાર્થાંધ માણસને આ શીખવવાની જરૂર છે. જાતને ખોઇને જગતને પામી શકાય. પ્રતિક્ષણ મરી જતા આપણા મનને કેળવવું પડે. આમ સાચી સમજને પિંડ કેળવાય તો બુદ્ધિ, શક્તિ અને નિર્ભયતા મહોરી ઉઠે. આ તો એક સાધના છે... અખંડ શ્રમ છે... ઊંડા પાયા પર ઊંચી ઇમારત ટકી શકે એના પાયા ચણતાં ઘણી વાર લાગે છે. કાર્લાઇલ કહેતા : "જયા સુધી તમે નિર્ભય નહીં બનો ત્યાં સુધી તમારી બીજી શક્તિઓ પ્રગટાવવામાં અવરોધ આવવાનાં જ." આ આપણા સહુનો અનુભવ છે. ડર આપણને કુંઠિત કરી નાખે મૂખ બનાવી દે. ખીલેલાં પુષ્પોને મંદિરમાં લઇ જનારાના વન પુષ્પની એક પાંખડી પણ ના ખીલી શકે એ કંઇ ચાલે.



આપણે ઊછીનો ડર લીધો છે. બાળપણમાં તો સાવ નિર્ભય પણ જેમ જેમ મોટા થતાં ગયા તેમ ભયભાવના આવતી ગઇ આ આવેલી ભયભાવનાને તો ફંગોળવી રહી. મારી પત્નીને ઇસ્ત્રી કરતાં હળવો શોખ લાગ્યો પછી એવું થઇ ગયું કે ઇસ્ત્રી કરવાનું જ છોડી દીધું... સમય જતાં નિર્ભયતા કેળવાઇ... સંભાળપૂર્વક સ્વીચો પાડવા માંડી ને ભય ચાલ્યો ગયો...

સૌ જાણે છે કે રામનામનાં મંત્રથી નિર્ભય બનેલા મોહનનું રૂપાંતર મહાત્મા ગાંધીમાં થયું. વનમાં પ્રારંભે મળેલો આ મંત્ર જ એમનો અંતિમ ઉદ્ગાર બની રહ્યો છે, 'હે રામ...'

દોસ્તો માની ગોદ કે પ્રભુ પ્રાર્થના જ પરમ નિર્ભયતા બક્ષે અંતે...

હે પ્રભુ... તારી અસિમ કૃપા મારી વહારે છે. તેથી તો હું પરમ નિર્ભય છું. મારા ડર માટે કોઇ અવકાશ નથી.

સ્પર્શમણિ : "કોઇ પણ સંજોગોમાં ડરને તમારા મનમાં પ્રવેશ કરવા દેતા નહીં.

એ પેલા પ્લેગના જંતુ છે એમ સમજીને છેટેથી સલામ કરજો.

ઉધઇ જેવી આ વિધ્વંસક લાગણી તમારા વનને છિન્ન-ભિન્ન કરી નાખે એ પહેલાં ચેતી જજો એના હાથમાં સત્તા ન રહેવા દેશો.

આ ડરનાં અનેક રૂપ હોય છે. એનું એક પણ રૂપ તમને તંગ ના કરી જાય એનું ખાસ ધ્યાન રાખજો."

# એક દિવસ હિતેષ રાધિકાના લગ્નની કંકોત્રી દિપીકાને મળે છે, દિપીકા તેની બહેનપણી રાધિકાએ દગો દીધાની વિચિત્ર વાત મનોમન વિચારે છે અને લગ્નમાં ન જવાનો નિર્ણય લે છે

**પશ્ચાતાપ**
***- નિરંજન ઓઝા***

કનુભાઇ તથા મનુભાઇ ભાવનગર શહેરના મધ્યમાં આવેલા મહાલક્ષ્મી મંદિર નજીકની નાગરપોળમાં રામરાય વકીલના ડેલામાં રહે છે. કનુભાઇના કુટુંબમાં ૧૦ વર્ષની દિપીકા જયારે મનુભાઇના કુટુંબમાં રાધિકા નામે આઠ વર્ષની દીકરી છે. બંને કુટુંબ સાધારણ પણ બંને દીકરીઓનો સંપ એવો કે સાથે રમવાનું અને સાથે ભણવાનું. બંને દીકરીઓ બાર્ટન લાઇબ્રેરી પાસે આવેલ માજીરાજ કન્યા શાળામાં પ્રાથમિક શિક્ષણ લીધા પછી માધ્યમિક શિક્ષણ આલફ્રેડ સ્કૂલ સામે આવેલી હલુમિયા શાળામાં મેળવ્યા પછી, ભાવનગરની જૂનામાં જૂની અને પ્રસિદ્ધ શામળદાસ કોલેજમાં પ્રવેશ મેળવે છે. જયાં દિપીકા, રાધિકા કરતાં એક વર્ષ આગળ છે. કોલેજમાં વાર્ષિક દિનની ઉજવણી કરવાની હોવાથી કાર્યક્રમનાં આયોજન માટે ગુજરાતી મનોરંજન ગ્રુપના વિદ્યાર્થીઓ ભેગા થાય છે. આયોજનનાં કરતાં - હરતાં, કલકત્તાથી અભ્યાસાર્થે આવેલ હિતેષ અગ્રેસર છે. તે ઊંચા બાંધાનો તથા ઉજ્વળ વાને, વાતોડિયો હોવાથી વિદ્યાર્થીઓમાં પ્રિય છે, દિપિકા પણ તેનાં સંપર્કમાં આવવાથી ગર્વ અનુભવતી હતી.

કાર્યક્રમના આયોજનમાં ઘરે પહોંચવામાં મોડું વહેલું થાય તો ત્યારે હિતેષ દિપીકાને ઘરે મુકવા જતો, આમ દીપીકાના ઘરે આવવા - જવાનું રહેલું હોવાથી કનુભાઇના પરીવારને પણ વાંધો ન હતો. બીજા શબ્દમાં કહીએ તો હિતેષના વાણી, વર્તન તથા વ્યવહારથી કનુભાઇ પરીવાર સંતુષ્ટ હતો. હિતેષ દિપીકા માટે યોગ્ય લાગતાં દીપીકા તેના અભ્યાસનું ત્રીજું વર્ષ પૂરૂં કરે ત્યાં સુધી આગળ ન વધવાનું કનુભાઇ પરીવાર જણાવતા હતા.

કોલેજના વાર્ષિક પ્રોગ્રામની તૈયારીઓ થતી હતી. તેમાં એક દિવસ પ્રેક્ટીસ કરતી વખતે દીપીકાની ખાસ બહેનપણી રાધિકાને અકસ્માત થતાં, તાત્કાલિક સારવારાર્થે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવતાં, ડોકટર સાહેબ જણાવે છેકે રાધિકાની કિડનીને ખૂબ જ નુકશાન થયું છે તેથી ભવિષ્યમાં સંભાળવું. વાર્ષિક કાર્યક્રમ પુરો થયાને ત્રણેક મહિલા થયા હશે. ત્યાં હિતેષને એક દિવસ કલકત્તાથી મેસેજ આવે છે કે તેની મમ્મીને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. તેથી જલ્દીથી આવી જવું. સમાચાર મળતાં, હિતેષ કલકત્તા જવા રવાના થાય છે. આ સમય દરમિયાન, હિતેશનો અભ્યાસ બગડે છે. તેને ગયો ખાસ્સો એવો સમય થયો છતાં દિપીકા તથા રાધિકા પણ ખબર ન આવતાં, કનુભાઇ પરીવારને ચિંતા થાય છે અને હિતેષને ભુલી જવા દીપીકાને સમજાવે છે અને તેની ઉપર દબાણ થતાં, અન્યત્ર તપાસ કરવાનું આરંભે છે. તપાસને અંતે તેમની જ જ્ઞાતિનાં શિહોરમાં રહેતા એક સજ્જનનાં પુત્ર સાથે દિપીકાના લગ્ન લેવયા છે. લગ્નને 'બે એક વર્ષ થયાં, દિપીકાને ત્યાં દીકરીને પધરામણી થાય છે.

હવે દિપીકા, પોતાની દીકરીના ઉછેરમાં મસ્ત હોય છે તે દરમિયાન એક દિવસ હિતેષ રાધિકાના લગ્નની કંકોત્રી દિપીકાને મળે છે. દિપીકા તેની બહેનપણી રાધિકાએ દગો દીધાની વિચિત્ર વાત મનોમન વિચારે છે અને લગ્નમાં ન જવાનો નિર્ણય લે છે. રાધિકા જાણતી હતી કે દિપીકા તથા હિતેષ વહેલા મોડા લગ્ન કરવાના હતા તેમ છતાં રાધિકાએ હિતેષ સાથે લગ્ન કરવાનું વિચારી દિપીકા દુઃખી થાય છે,

રાધિકાનાં લગ્ન થયા પછી તે હિતેષ સાથે કલકત્તા પ્રયાણ કરે છે, સમયને જતાં વાર લાગતી નથી તેવી જ રીતે રાધિકા લગ્નના ત્રણેક વર્ષ પછી, ભાવનગર આવે છે, આમ તેની સાથે જ પ્રથમ દિપીકાને મળવાનું વિચારે છે. કારણ કે દિપીકા તેને માટે કંઇક બીજું જ વિચારતી હશે તેવી તેને શંકા હતી. તેથી દીપીકાનું સરનામું મેળવી, તેને મળવાની જાણ કરે એછે, તદાનુસાર ભાવનગર આવતા દિપીકાને મળે છે. રાધિકાને જોઇ, તેને પહેલા જેવો ઉમળતો થતો નથી તે રાધિકાને લાગ્યા વગર રહેતું નથી. તેથી તેના હિતેષ સાથે લગ્ન થયાની વાત શરૂ કરતાં, રાધિકા જણાવે છે કે હિતેષને તાત્કાલિક કલકત્તા જવું પડ્યું તેથી ત્યાં પહોંચ્યા પછી તેની બહેન, હિતેષની ગેરહાજરીમાં પોતાની મમ્મીની સારવાર સંભાળતી હતી પરંતુ તે પણ કુટુંબવાળી હોવાથી, હિતેષના આવ્યા પછી બેંગ્લોર જતી રહે છે. આ સમય દરમિયાન હિતેષના મમ્મીની બધી જ જવાબદારી તેના ઉપર આવી જાય છે. એક દિવસ તેના મમ્મીને ખબર કાઢીને પાછા. ફરતાં, તેને અકસ્માત થાય છે સખત રીતે ઘવાયો હોવાથી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો, જયાં ઓપરેશન થયા પછી ડોકટર સાહેબ તેની કિડનીમાં ખૂબ જ નુકશા થયાનું જાહેર કરે છે. થોડા સમય પછી સ્વસ્થ થતાં, તેની તથા તેના મમ્મીની સારવાર માટે એક વ્યક્તિની સેવા લઇ લે છે. પરંતુ આ સેવા લાંબો સમય ચાલતી નથી તેથી તેણે મને એક પ્રસ્તાવ મોકલ્યો કે આપણે બંનેને કિડનીની તકલીફ છે, હું દિપીકાને ભાવિ પેઢી આપી શકું તેમ નથી. તેથી દિપીકાને આખી જિંદગી, નિઃસ્તાન ,રહેવું પડે તેથી તેની સામે લગ્ન કરવાનું મને ઉચિત લાગતું નથી, તારી ઇચ્છા હોય તો આપણે બંને, સમદુઃખિયા છે. તેથી લગ્ન કરી, શેષ જીવન વ્યતિત કરીએ. મને એનો પ્રસ્તાવ યોગ્ય લાગતાં, તેમજ આ સમય દરમિયાન તારા પણ લગ્ન થઇ ગયા હતા તેથી તેના પ્રસ્તાવને મે મંજૂરી આપી. આમ અમે બંને લગ્નથી જોડાયા છી, જેમાં તને અન્યાય થયો હોય તેમ મને લાગતું નથી. મારાં કરતાં તારૂં, પહેલાં હિતેષ હિત વિચાર્યું છે માટે અમને માફ કરી દે.

આ સાંભળી ચોધાર આંસુએ દિપીકા રડી પડી, તેના મનમાં હિતેષે દગો દીધાનો ડંખ હતો તે દૂર થાય છે તેમજ હિતેષ તરફથી મારા માટે શુભ વિચાર્યું તે ખરેખર અભિનંદનને પાત્ર છે એમ મનોમન 'પશ્ચાતાપ' કરતી, રાધિકાને પ્રસન્ન ચિત્તે વિદાય કરે છે.